> છઠ્ઠા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે રાજય કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના પગાર ધોરણની સુધારણા......

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

---

**વંચાણે લીધાઃ-**

(૧) સરકારશ્રીનો ઠરાવ ક્રમાંકઃ ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા.૦૧.૦૪.૨૦૧૦
(૨) સરકારશ્રીનો ઠરાવ ક્રમાંકઃ ગકવ-૧૪૨૦૦૯-૧૧૮૪-ક.૨, તા.૧૫.૦૪.૨૦૧૦

## પરિપત્ર

આથી આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીએ કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના છઠ્ઠા કેન્દ્રિય પગારપંચની ભલામણોના આધારે પગારધોરણની સુધારણાનો ઠરાવ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ નં.૧ના ઠરાવથી પ્રસિધ્ધ કરેલ છે.સરકારશ્રીનો ક્રમ નં.૧ ના સદર ઠરાવ સાથે યુનિવર્સિટીમાં અમલ માટે નીચે મુજબની વિશેષ સૂચનાઓ સહિત પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) નીચે પ્રમાણેના ઠરાવોની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
(અ) તા.૧૨.૦૨.૨૦૦૯ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૧-પગાર એકમ(મ).
(બ) તા.૨૭.૦૨.૨૦૦૯ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ PGR-1009-7-Pay Cell(M).
(ક) તા.૨૦.૦૩.૨૦૦૯ ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ PGR-1009-3-Pay Cell(M) અને ભારત સરકારના ઠરાવ ક્રમાંકઃ F.3-1/2009 U.1 તા.૦૪.૦૬.૨૦૦૯
(ડ) ભારત સરકારના ઠરાવ ક્રમાંકઃ F.No.1(01)/2009-per.IV, તા.૧૩.૦૩.૨૦૦૯ની સાથે જોડેલ ઠરાવ ક્રમાંક : F.No.1-32/2006-U.II/U.1(1), તા.૩૧.૧૨.૨૦૦૮

(૨) છઠ્ઠા કેન્દ્રિય પગારપંચની ભલામણો અન્વયે નાણાં વિભાગના તા.૨૦.૦૩.૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃ PGR-1009-3-Pay Cell(M) ભારત સરકારના ઠરાવ ક્રમાંકઃ F.3-1/2009 U.1 તા.૦૪.૦૬.૨૦૦૯ થી પગારધોરણના માળખામાં પગાર મુકરર કરવા માટેની ગાઈડલાઈન્સ સાથે સામેલ રાખેલ વિકલ્પ પત્રક (Annexure-I) પગાર મુકરર કરવાનું પત્રક (Annexure-II) બાંહેધરી પત્રક (Annexure-III) આ સાથે સામેલ છે. જે અંગેની જરૂરી માહિતી જે તે સંબંધિત કર્મચારીની સેવાપોથી સાથે ચકાસણી કરીને વિગતો ભરાવવા માટેની કાર્યવાહી યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓએ તેમની કક્ષાએથી કરવાની રહેશે.

(૩) આ અંગે જે તે યુનિટ/ સબ યુનિટ, કચેરીના વડાએ તેઓના સંબંધકર્તા સર્વે અધિકારીઓ / કર્મચારીઓ પાસેથી પરિપત્ર સાથે સામેલ વિકલ્પ ફોર્મ / બાંહેધરી ફોર્મ ભરાવીને પગાર મુકરર કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૪) સદર પરિપત્ર રવાના કર્યા તારીખથી શૈક્ષણિક કર્મચારીઓ જે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીના વડાએ નિયમોનુસાર પગાર મુકરર કરવાના રહેશે. તેમ છતાં, પગાર મુકરરની તમામ દરખાસ્તો નીચે સહી કરનારને રજુ કરવાની રહેશે અને કેન્દ્રિય પધ્ધતિથી કુલસચિવશ્રીની સહીથી પગાર મુકરરના હુકમો જારી કરવામાં આવશે અને તા.૦૧.૦૧.૨૦૦૬ બાદ નિવૃત્ત થયેલ કર્મચારીઓના પગાર મુકરર કરવાની કાર્યવાહી કર્મચારી જે કચેરીમાંથી નિવૃત્ત થયેલ હોય તે કચેરીના વડાએ પગાર મુકરર કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) પગાર મુકરર કરવાની કાર્યવાહી કરતાં પહેલાં સરકારશ્રીના ઉપરોકત ઠરાવોમાં આપવામાં આવેલ શરતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) જે તેકચેરી વડાએ સંબંધિત કર્મચારીને મળવાપાત્ર નવા પગારધોરણમાં મુકરર કરવામાં આવેલ પગાર મુકરરની ચકાસણી ઠરાવમાં જણાવેલ શરત નં. ૧૭ માં જણાવ્યાનુસાર ફરજિયાતપણે I.F.M.S. System ધ્વારા કરાવવાની રહેશે અને સેવાપોથીમાં તેની નોંધ કરવાની રહેશે.

(૭) આઈ.સી.એ.આર. અને અધર એજન્સીમાં ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીઓના પગાર મુકરર કરીને તા.૦૧.૦૧.૨૦૦૬ થી તા.૩૦.૦૪.૨૦૧૦ સુધીની તફાવતની રકમ વર્ષ-વાઈઝ મેળવવા માટે જે તે સંબંધકર્તા કચેરી વડાએ જે તે ફન્ડીગ એજન્સીને દરખાસ્ત કરવાની રહેશે.

(૮) કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક કર્મચારીઓ/ અધિકારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમ-૧૯૯૮ હેઠળ જે પગારધોરણ હાલમાં આપવામાં આવે છે તે સામે ઠરાવ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણેના નવા સુધારેલા પગારધોરણો (Pay Band and Grade Pay) પ્રમાણે તા.૧.૧.૨૦૦૬ થી

(૯) સરકારશ્રીના તા.૦૧.૦૪.૨૦૧૦ના ઠરાવથી આપવામાં આવેલ તમામ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) છઠ્ઠા કેન્દ્રીય પગારપંચની પગાર મુકરર કરવાની દરખાસ્ત મોકલતાં પહેલાં કચેરી વડાશ્રીએ પાંચમા પગારપંચમાં કરેલ પગાર મુકરર અન્વયે નીચે મુજબના પ્રમાણપત્રો જે તે શિક્ષકોની વ્યકિતગત દરખાસ્ત ચકાસીને દરખાસ્ત સાથે સામેલ રાખવાના રહેશે.

(અ) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સદર શિક્ષકોના પગારધોરણો અને કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત મળવાપાત્ર મળેલ બઢતી અન્વયે ભારત સરકારના પત્ર F.No.1(15)98-Per.IV, Date: 03.03.1999 અને તેની સાથેના બિડાણોમાં નિશ્ચિત કરેલ શરતો (રાજય સરકારે તેના ઠરાવ ક્રમાંક : GKV-1099-G-6-K.2, Date: 01.10.1999 થી અમલ કરેલ છે), તેમજ ત્યારબાદની ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ તરફથી જારી કરેલ કેરીયર એડવાન્સમેન્ટ યોજના (CAS) ની ગાઈડલાઈન્સ પત્રાંક F.No.21(10)99.Per.IV, તા.૧૯.૦૭.૨૦૦૦ અને પ્રાધ્યાપક સંવર્ગમાં બઢતી માટે તેમાં સૂચવેલ સુધારેલ કાર્યપધ્ધતિ પત્ર F.No.37(2)/ 2003-Per.IV, તા.૨૩.૦૬.૨૦૦૩ તથા રાજય સરકાર તરફથી થયેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે.

(બ) દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ રાજય સરકાર / ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીએ નોંધ ઉપર આપેલ મંજુરી અનુસાર જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સામેલઃ ઉપર મુજબ
(Annexure-I,II,III)

(પી.એસ.વશી)
કુલસચિવ

જાન.નકૃયુ / રજી/ એડીએમ ૧.૧/૯૦૮૧-૧૧૧૨૨ /૨૦૧૦
નવસારી. તારીખઃ ૦૪ / ૦૫ / ૨૦૧૦

**<u>નકલ સવિનય રવાના જાણ તથા યોગ્ય થવા સારુ :–</u>**

–સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.
–હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી.
–સર્વે યુનિટ/ સબ –યુનિટ અધિકારીશ્રીઓ તરફ.
–આયોજન અધિકારીશ્રી, સંશોધન નિયામકશ્રીની કચેરી, ન.કૃ.યુ., નવસારી.

**નકલ રવાનાઃ–**

–વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, હિસાબી અધિકારીશ્રી, ન. કૃ. યુ, નવસારી.
– હિસાબી અધિકારીશ્રી, ન. કૃ. યુ, નવસારી.
–હિસાબી અધિકારીશ્રી(પી.એફ/પેન્શન), ન. કૃ. યુ, નવસારી.
–ઓડીટ ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
–આ વિભાગની સર્વે શાખાઓ તરફ
–કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ન. કૃ. યુ, નવસારી.
–હુકમ ફાઈલ
–સિલેકટ ફાઈલ

27-2-2